જનલોકપાલ માટે 'આપ' સરકાર શહીદી માટે તૈયાર

અપક્ષ ધારાસભ્ય રામબીર શોકીને ટેકો ખેંચતા સંકટના વાદળ : કેજરીવાલ સરકાર સામે લોકસભાની ચુંટણી પહેલાં અસંતોષનું મોજું વધી રહ્યું છે : વિધાનસભામાં એએપીનું સંખ્યાબળ હવે ઘટીને ૨૬ થઈ ગયું છે

નવી દિલ્હી,તા.૧૦

અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં આમ આદમી પાર્ટીની સરકારે દિલ્હી વિધાનસભામાં બહુમતી ગુમાવી દીધી છે. કારણકે, આજે અપક્ષ ધારાસભ્ય રામબીર શોકીને સરકારને ટેકો પાછો ખેંચી લીધો હતો. અપક્ષ ધારાસભ્યએ ટેકો પાછો ખેંચી લીધા બાદ તર્કવિતર્કોનો દોર શરૂ થઈ ગયો છે. એવું જાણવા મળી રહ્યું છે કે, કેજરીવાલની સરકાર થોડાક સમયમાં જ ગબડી શકે છે. કારણકે જનલોકપાલ બિલને લઈને પણ કોંગ્રેસ સાથે તેની જોરદાર ખેંચતાણ ચાલી રહી છે. કેજરીવાલની સરકાર કોંગ્રેસના સમર્થન ઉપર જ આધારીત છે.અપક્ષ ધારાસભ્યએ વિધીવત રીતે ટેકો પાછો ખેંચવાની જાહેરાત કરી હતી. આ સંદર્ભમાં અટકળોનો અંત આવી ગયો હતો. અપક્ષ ધારાસભ્ય રામબીર હાલમાં નાખુશ દેખાઈ રહ્યા હતા. દરમિયાન જે ડીયુના ધારાસભ્ય સોએબ ઈકબાલ, શોકીન અને હકાલપટ્ટી કરવામાં આવેલા ધારાસભ્ય વિનોદકુમાર બિન્નીએ તેમની માંગણી પૂર્ણ કરવા બીજી ફેબ્રુઆરીની દિવસે કેજરીવાલને સૂચના આપી હતી. ઈકબાલ અને શોકીન ત્રીજી ફેબ્રુઆરીના દિવસે કેજરીવાલને મળ્યા હતા અને દાવો કર્યો હતો કે, મુખ્યપ્રધાને તેમની માંગણીને લઈને પગલા લેવાની ખાતરી આપી છે. શોકીન મુંડકા વિધાનસભા મતવિસ્તારમાંથી ધારાસભ્ય છે અને

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

પ્રભુ એ તમને વિશાળ હૃદય આપ્યું છે, આ હૃદય જયારે તમે સાંકડુ બનાવો છો ત્યારે ઘરમાં અને ચિત્તમાં અશાંતિનું આગમન થાય છે
- સંત ફ્રાન્સિસ

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૩૦ | ૧૧ ફેબ્રુઆરી, ૨૦૧૪, મંગળવાર; મહા સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

NEWS ન્યુઝ

● ચૂંટણી બાદ જ મોરચો રચી શકાય : મુલાયમ

સમાજવાદી પાર્ટીના સુપ્રિમો

મુલાયમસિંહે એક મુલાકાતમાં જણાવ્યુ હતુ કે ત્રીજા મોરચાની રચના લોકસભાની સામાન્ય ચૂંટણી બાદ જ થઈ શકે. ચૂંટણીના પરિણામ બાદ ફલીત થાય કે કયા પક્ષને કેટલી બેઠકો મળી છે. ત્યારબાદ જ બીનકોંગ્રેસી, બીનભાજપી ત્રીજા મોરચાની રચના શક્ય બને છે.

● તાકાત હોય તો મારી ધરપકડ કરે : રાજ ઠાકરે

છેલ્લા એક અઠવાડિયાથી ટોલટેક્સ સામે લડત ચલાવી રહેલા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના

અધ્યક્ષ રાજ ઠાકરેએ પુનામાં જંગી રેલીને સંબોધતા સરકારને ધરપકડ કરવા લલકારી હતી. રાજ ઠાકરેએ આકમક શૈલીમાં ધારાસભ્યની ગાડીઓને ટાર્ગેટ બનાવવા હાંકલ કરી હતી. મોડેથી મળતા સમાચાર મુજબ મનસેની માન્યતા રદ કરવાના ચક્રો ગતિમાન થયા છે.

● અન્ના હજારે કેજરીવાલની પડખે

દિલ્હી સરકારના જનલોકપાલ બિલને અન્ના હજારેએ ખુલ્લુ સમર્થન આપ્યુ છે. પ્રજાના મનમાં જનલોકપાલનું બીલ જેવું હોવુ

જોઈએ તેવું બીલ અરવિંદ કેજરીવાલે બનાવ્યું છે. તેને મારૂ સમર્થન છે. જનલોકપાલ બીલ માટે સરકારે શહિદી વહોરવી પડે તો પણ પીછેહઠ ન કરવી જોઈએ. ભ્રષ્ટાચાર સામેની લડતમાં આમ આદમી પાર્ટીના જનલોકપાલ બીલને હુ ટેકો આપુ છુ.

● કેજરીવાલ નાટક કરે છે : માયાવતી

બહુજન સમાજ પાર્ટીના સુપ્રિમો માયાવતીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે કેજરીવાલ કામ કરતા નાટક વધુ કરે છે. બંધારણની પ્રક્રિયા મુજબ લોકપાલબીલની મંજુરી લેફ.

ગર્વનરની લીધા બાદ જ વિધાનસભામાં રજુ કરવું જોઈએ તે નિયમ માનવાને બદલે કેજરીવાલ જીદ કરીને લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખી જનલોકપાલ બીલને મુદ્દો બનાવે છે.

ગાંધીનગરમાં ઠંડીનો પાછોતરો ચમકારો

ઠંડા પવનોના કારણે લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રીએ પહોંચ્યું

ધોઈને મુકી દીધેલા ગરમ વસ્ત્રો ફરી કાઢવા પડયા

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૧૦

શિયાળો હવે જતો રહ્યો તેમ માનીને ગરમ વસ્ત્રો ત્યજી દેનારાઓને છેલ્લા બે દિવસથી આકરી ઠંડી પરેશાન કરી રહી છે. ગઈ રાત્રે તો લઘુત્તમ તાપમાન ૭ ડિગ્રી જેટલું ગગડી જતા વસાહતીઓને પુનઃ ગરમ વસ્ત્રોમાં વિંટળાઈને ફરવાની ફરજ પડી છે.

શિયાળાની વિધિવત વિદાયને હજુ પખવાડિયાનો સમય બાકી છે ત્યારે વસંતના આગમન બાદ પુનઃ ઠંડીનું મોજું ફરી વળ્યું છે. જતા જતા ઠંડીએ જોરદાર પુંછડું પછાડયું છે. છેલ્લા ઘણા દિવસોથી તાપમાનનો પારો ઉંચે ચડતો જતો હતો. લઘુત્તમ તાપમાન ૧૫-૧૬ ડિગ્રી સુધી ઉંચે જતાં વાતાવરણમાં ગરમીનો અનુભવ થતો હતો. દિવસે પંખા ચાલુ કરવાની ફરજ પડી હતી. તો રાત્રે કે સવારે જો ગરમ વસ્ત્ર પહેર્યું તો ગરમી થવા માંડતી હતી. હવે ગરમીનો પ્રારંભ થઈ ચુકયો છે તેવું લાગતા ગૃહિણીએ ગરમ વસ્ત્રો ધોઈને કબાટમાં મુકી દીધા હતા કે માળિયા પર ચઢાવી દીધા હતા. પરંતુ છેલ્લા બે દિવસથી પુનઃ વાતાવરણમાં પલ્ટો આવ્યો છે અને લઘુત્તમ તાપમાન સતત ઘટી રહ્યું છે.

ગઈ કાલે લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રી સુધી ઘટયા બાદ આજે તે ૭ ડિગ્રી નોંધાયું હતું. ગઈ કાલ રાતથી જ ઠંડીનો અનુભવ વધતા માર્ગો સુમસામ થઈ ગયા હતા. લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. જો કે દિવસે તડકાના કારણે થોડીક રાહત અનુભવાતી હતી. તાજેતરમાં જ જમ્મુ-કાશમીર અને હિમાચલના પર્વતીય વિસ્તારોમાં વાતાવરણ પલ્ટાતા ઉત્તરીય પવનોને કારણે ગુજરાતમાં પણ ઠંડીનો ચમકારો અનુભવાયો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ઠંડીમાં વધારો થયો હોવાનું હવામાન વિભાગે જણાવ્યું હતું. હજુ બે દિવસ ઠંડીનું જોર રહેવાની શકયતા છે. બે ત્રણ દિવસ બાદ ફરીવાર ઉષ્ણતામાનમાં વધારો થશે એટલે ઠંડીનો આ છેલ્લો રાઉન્ડ હોવાનું કહેવાય છે.

'ટીડીઓને પરત મોકલો' તાલુકા પંચાયતમાં એક અવાજ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી શ્રી તુષાર જોશીને રાજય સરકારમાં પરત મોકલવા આજે તાલુકા પંચાયતની સામાન્ય સભાએ એક સૂરમાં પ્રસ્તાવ પસાર કર્યો છે.

તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કાળુસિંહ રાઠોડના અધ્યક્ષપદે મળેલ આજની ખાસ સામાન્ય સભામાં સત્તાધારી ભાજપ અને વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ તાલુકા વિકાસ અધિકારીશ્રીની કાર્યરીતિ સામે રોષ સાથે ફરિયાદોનો ધોધ વહાવ્યો હતો.

કેન્દ્ર પુરસ્કૃત મનરેગાના અમલીકરણમાં તાલુકાની પીછેહઠ માટે પણ તાલુકા વિકાસ અધિકારીને જવાબદાર ગણવામાં આવ્યા હતા. આ ઉપરાંત નિયત સમયમાં તાલુકાનું અંદાજપત્ર તૈયાર કરી પૂર્વ મંજૂરી માટે રજુ ન કરવાનું, શિક્ષકોના ઉચ્ચત્તર પગારની ફાઈલો કલીયર નહિ કરવા, મિશન મંગલમ્ સહિતની અનેક યોજનાઓના અમલીકરણમાં ઉદાસીન વલણ સહિતની ફરિયાદો સભ્યોએ રજુ કરી હતી.

તાલુકા પંચાયતના વિપક્ષી નેતા શ્રી કુબેરસિંહ ગોલે પણ ફરિયાદોમાં સૂર પુરાવી અને સરકારમાં પરત મોકલવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પ્રસ્તાવ પરની ચર્ચામાં છ જેટલા સભ્યોએ જુદી જુદી ફરિયાદો રજુ કરી હતી. સભ્યો સાથે પણ અધિકારી તોછડાઈભર્યુ વર્તન કરતા હોવાની ફરિયાદ રજુ કરાઈ હતી.

પૂર્વ પ્રમુખ શ્રી પોપટભાઈ પટેલે આવા અધિકારી સમક્ષ તાત્કાલિક સરકારમાં પરત મોકલવા અંગેનો પ્રસ્તાવ પસાર કરી તેની નકલો વિકાસ કમિશનરને પણ મોકલવામાં આવે તેવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

સભ્યોની રજુઆતો બાદ શ્રી કાળુસિંહ રાઠોડે તાલુકા વિકાસ અધિકારીને સરકારમાં પરત મોકલવા માટેનો પ્રસ્તાવ રજુ કર્યો હતો જેને સભ્યોએ હાથ ઉંચા કરી અને બહાલ રાખ્યો હતો. આજની આ બેઠકમાં સભ્યોએ જે અધિકારીઓ કર્મચારીઓ હાજર નથી રહ્યા તેમની સામે પણ પગલાં લેવામાં આવે તેવી રજુઆત કરી હતી.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખપદ માટે વિરેન્દ્રસિંહ

આજે ખાસ સામાન્ય સભામાં વિધિવત્ વરણી કરાશે : વાઘેલા બાંધકામ અને કારોબારી સમિતિના ચેરમેન તરીકે સેવા આપી ચુકયા છે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ તરીકે કોંગ્રેસ પક્ષે શ્રી વિરેન્દ્રસિંહ વાઘેલાની પસંદગી કરી અને તેમના નામની દરખાસ્ત પણ જિલ્લા તંત્ર સમક્ષ રજુ કરી દીધી છે.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ પદેથી શ્રીમતી ભીખીબેન ઠાકોરે આપેલા રાજીનામાને કારણે આ પદ ખાલી પડયુ હતુ. વિકાસ કમિશનરશ્રીએ આ પદની ચૂંટણી માટે ૧૧મી ફેબ્રુઆરી નિયત કરી છે.

આજે જિલ્લા પંચાયતની મળનારી ખાસ સામાન્ય સભામાં તેમની વિધિવત્ વરણીની

● અનુસંધાન પાન-૭ પર